# ચિલ્ડ્રન યુનિવર્સિટી દ્વારા શાળાઓમાં રિસર્ચ પ્રયોગો : તારણો કાઢશે

## શિક્ષકો પાસે નથી તે આપવા પ્રયત્ન : બાળકોના સર્વાંગી વિકાસ માટે નવતર અભિગમ : સંશોધનના અંતે શિક્ષકોને તારણો સુપ્રત કરાશે

ગાંધીનગર, તા.૨૮

ગર્ભસ્થ શિશુથી લઈ ૧૮ વર્ષ સુધીના તરૂણોના સર્વક્ષેત્રિય વિકાસ તેમજ શિક્ષણના મહત્વના પાસા પર સંશોધનો કરવા પાટનગરના આંગણે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કાર્યરત થઈ છે. સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ તેમ ચાર કાર્યક્ષેત્રોમાં સક્રીય યુનિવર્સિટી કક્ષાએથી ગાંધીનગરની ૩૪ શાળાઓમાં રીસર્ચ અને વિશેષ પ્રયોગોના આધારે બાળકોને સ્વયંસાધ્ય અને પ્રતિભાશાળી બનાવવા નવતર અભિગમ કેળવ્યો છે.

'પ્રત્યેક બાળક મહત્વનું છે' આજના આધુનિક યુગમાં બાળકો અનાવશ્યક દબાણના ભાર હેઠળ હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવે છે જયારે આ દયનીય સ્થિતિમાં સુધાર લાવવા તેમજ બાળકોને યોગ્ય માવજત અને સુરક્ષા પુરી પાડવા બાળકોના સર્વાંગી વિકાસ માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની રચના કરવામાં આવી છે. ગર્ભસ્થ શિશુથી માંડી ૧૮ વર્ષના તરૂણો માટે કાર્યરત દેશની પ્રથમ ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના વર્ષ ૨૦૦૯ દરમિયાન કરવામાં આવી હતી. હાલ ગાંધીનગરમાં સે-૨૦ ખાતે સરકારી શૈક્ષણિક સંકુલમાં ચિલ્ડ્રન યુનિવર્સિટી કાર્યરત થઈ છે. બાળ વિશ્વ વિદ્યાલયના કુલપતિ હર્ષદ શાહે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે બાળકેન્દ્રીત વિષયના આધારે કાર્યરત આ યુનિવર્સિટી બાળ ઉછેરના વિવિધ પાસાઓને ધ્યાને લઈ બાળકની દરેક તબક્કાની જરૂરિયાતને પુરી પાડવાનું કામ કરે છે. બાળકોને પ્રત્યક્ષ ભણતર આપવા સિવાય સંસ્કાર, દેશભકિત, ચારિત્ર્યનો વિકાસ કરી તેને શ્રેષ્ઠ નાગરિક બનાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. યુનિવર્સિટીની વિવિધ બાળ વિકાસ લક્ષી યોજના અન્વયે રાજયની સારી શાળાઓની પસંદગી કરી ૯ જેટલા વિદ્યા નિકેતન કેન્દ્રો પણ કાર્યરત કરવામાં આવ્યા છે. ગાંધીનગરમાં પણ થોડા દિવસો અગાઉ વિવિધ શાળાઓના આચાર્યો સાથે એક બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન બાળકોને હળવા-મળવા સાથે તેમના રસરૂચિ સાથે તાલમેલ જાળવવા ઉપરાંત શિક્ષકો તરફતી નથી મળતું તે પુરું પાડવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત રીસર્ચ કાઉન્સિલની રચના કરવાનો પણ નિર્ણય લેવાયો છે. રાજયના વિકલાંગ તેમજ અન્ય ક્ષતિ ધરાવતા ૧૫ લાખ બાળકોના સર્વાંગી વિકાસ માટે પણ પ્રયાસ હાથ ધરાયા છે. આગામી દિવસોમાં બાળ વિકાસની આ યોજનાને અનુલક્ષી દેશમાંથી તજજ્ઞો આવશે જેના અંતે થયેલા સંશોધનો અને તારણો-શિક્ષકો અને શાળાઓને પણ સુપ્રત કરાશે. આ ઉપરાંત રાજયમાં ૬ જગ્યાએ તપોવન કેન્દ્રો પણ શરુ કરી દેવાયા છે. જેમાં ગાંધીનગર જિલ્લામાં રૂપાલ ખાતે પણ તપોવન કેન્દ્ર કાર્યરત કરાયું છે.

આ ઉપરાંત આણંદ જિલ્લામાં પણ ૫ કેન્દ્રો ઉભા કરાયા છે. આ કેન્દ્રોમાં સગર્ભા મહિલાઓને પ્રશિક્ષણ, ચિકિત્સા, ડોકટરી તપાસ ઉપરાંત તેમને મુંઝવણો દુર કરવા માર્ગદર્શન પણ પુરું પાડવામાં આવે છે. ઓકટોબર ૨૦૧૦થી અત્યાર સુધીમાં ૧૦ હજાર બહેનોએ તપોવન કેન્દ્રોનો લાભ લીધો છે. જેના માધ્યમથી નવી પેઢી તેજસ્વી જન્મે તેવા પ્રયાસો હાથ ધરાયા છે.

## ચિલ્ડ્રન યુનિ.ને નવા રૂપ રંગ આપવા ૬૦ લાખનો ખર્ચ થશે

### સે-૨૦ની શાળાનું સંકુલ યુનિવર્સિટીને સોંપાયા બાદ રીનોવેશનનું કામ શરૂ કરાયું

ગાંધીનગર, તા.૨૮

સે-૨૦ સરકારી શાળાનું સંકુલ ચિલ્ડ્રન યુનિવર્સિટીને સોંપી દેવાયું છે. સે-૧૯ પી.ટી.સી. બિલ્ડીંગમાંથી સ્થળાંતર કરી ચિલ્ડ્રન યુનિ. હવે આ સંકુલમાં કાર્યરત થઈ છે. જયારે ૨૨ રૂમના આ શૈક્ષણિક સંકુલને નવા રૂપરંગ આપવાનું કામ શરૂ કરી દેવાયું છે. ચિલ્ડ્રન યુનિવર્સિટીના રીનોવેશનનું કામ શરૂ કરી દેવાયું છે. આ કામગીરી પાછળ રૂ. ૬૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

રાજયમાં જુલાઈ ૨૦૦૯ દરમિયાન ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. છેલ્લા એક વર્ષથી આ યુનિવર્સિટી સે-૧૯ સ્થિત પી.ટી.સી. બિલ્ડીંગમાં કાર્યરત હતી, જયારે શિક્ષણ વિભાગ દ્વારા થોડા સમય અગાઉ શહેરની ચાર શાળાઓને વિદ્યાર્થીઓની હાજરી પૂરતી ન હોવાના કારણે મર્જ કરવાનો નિર્ણય લેવાતા આ શૈક્ષણિક સંકુલો વિવિધ યુનિવર્સિટીને સોંપી દેવાયા છે. જેમાં સે-૨૦ સ્થિત સુભાષચંદ્ર બોઝ હાઈસ્કુલનું મકાન અને શૈક્ષણિક સંકુલ ચિલ્ડ્રન યુનિવર્સિટીને સોંપી દેવાયું છે. અગાઉ સે-૧૯ સ્થિત બિલ્ડીંગમાં સંકડાશ વચ્ચે કાર્યરત ચિલ્ડ્રન યુનિ.ને વિશાળ સંકુલ મળતા યુનિવર્સિટીની કામગીરીને સુવિધા અને વેગ મળશે. સરકારી શાળા ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં ફેરવાયા બાદ બિલ્ડીંગમાં જરુરી સુધારા વધારા પણ હાથ ધરવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર યુનિવર્સિટીના આ બિલ્ડીંગમાં હાલ ફ્લોરીંગ બદલવા ઉપરાંત બારી બારણા તેમજ પ્લાસ્ટરનું કામ હાથ ધરાયું છે. બે કોન્ફરન્સ અને ૨૨ રૂમ ધરાવતા બે મજલાના આ બિલ્ડીંગમાં રૂપ રંગ બદલવા કલરકામ પણ કરાશે. રીનોવેશનની કામગીરી માર્ગ-મકાન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. આ કામગીરી પાછળ રૂ. ૬૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે.

## શિવમહાપુરાણ કથાનું ૪થીએ આયોજન

ગાંધીનગર, તા.૨૮

શિવકથા સમિતિ દ્વારા જણાવાયું છે કે દેવાધીદેવ મહાદેવજીના માહત્મ્ય અને ગુણોને પ્રગટ કરતી શિવ મહાપુરાણ કથાનું આયોજન તા.૪થી જાન્યુઆરી ૨૦૧૩થી ૧૦મી જાન્યુઆરી ૨૦૧૩ દરમિયાન યોજવામાં આવશે. ગાંધીનગરના સેકટર-૪માં આવેલા ઓમકારેશ્વર મહાદેવજીના સાનિધ્યમાં સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે તા.૪થી જાન્યુઆરીથી ૧૦મી જાન્યુઆરી સુધી બપોરે ૨.૩૦ થી ૫.૩૦ કલાક શિવમહાપુરાણ કથા યોજાશે.

## ઈસનપુર ગામમાં થયેલી પ્રૌઢની હત્યાનું રહસ્ય હજુ અકબંધ

### તિક્ષ્ણ હથિયારનો ફટકો મારી ખાટલામાં જ ઢીમ ઢાળી દેવાયું હતું : શકમંદોની પૂછપરછમાં પણ કાંઈ ન ખૂલ્યું

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર નજીકના ઈસનપુર મોટા ગામમાં ખેતરમાં સુતેલા ૫૫ વર્ષીય પ્રૌઢને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને પખવાડિયા અગાઉ ખાટલામાં જ મોતને ઘાટ ઉતારી દેવાની ચકચારી ઘટના બનવા પામી હતી. આ પ્રકરણે નોંધાયેલી ફરિયાદમાં મૃતકના પરિવારજનોએ શકમંદોનાં નામ પણ આપ્યાં હતાં. જોકે શકમંદોની પૂછપરછમાં પણ ગુનાનો ભેદ ઉકેલાવા પામ્યો નથી. પ્રૌઢની હત્યાનું રહસ્ય હજુ અકબંદ છે. આ હત્યા અન્ય કોઈ જૂની અદાવતમાં થવા પામી છે કે કેમ તે સહિતની તપાસ ચિલોડા પોલીસે શરૂ કરી છે.

ગાંધીનગર પાસે આવેલા ઈસનપુર મોટા ગામમાં રહેતા ૫૫ વર્ષીય કાળીદાસ બાબુભાઈ પટેલ પોતાના ટામેટાના ખેતરમાં રાત્રે સુઈ રહ્યા હતા તે દરમ્યાન કોઈ શખ્સે માથે તિક્ષ્ણ હથિયાર ઝીંકીને ખાટલામાં જ તેમની હત્યા કરી નાંખી હતી. આ પ્રકરણમાં મૃતકના દીકરાએ ચિલોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઘટનાના અઠવાડિયા અગાઉ ટામેટા તોડવાની નજીવી બાબતે ગામના કેટલાક શખ્સો સાતે માથાકૂટ થઈ હોવાથી તે લોકોએ હત્યા કરી હોવાની શક્યતા દર્શાવી ફરિયાદમાં તેઓનાં નામ શકમંદ તરીકે આપવામાં આવ્યા હતા. જેને આધારે ચિલોડા પીઆઈ બી સી ઠક્કરે તે તમામને પકડી લાવીને પૂછપરછ કરી હતી. જોકે પૂછપરછ દરમ્યાન પણ હત્યાનો ભેદ ઉકેલાવા પામ્યો નથી.

શકમંદોનાં નિવેદન મુજબ હત્યાના સમયે એટલે કે તે રાત્રે તો તેઓ ઘરેથી બહાર નીકળ્યા પણ ન હતા. આ હત્યા કોઈ અન્ય જૂની અદાવતમાં થઈ હોવાની શક્યતાને આધારે ચિલોડા પોલીસે તે દિશામાં પણ તપાસનો દોર શરૂ કર્યો છે અને હત્યાનું રહસ્ય ખોલવા તજવીજ હાથ ધરી છે.

## શ્રી રંગપાર્ક સોસાયટીના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૨૮

શ્રી રંગપાર્ક કો.ઓ.હા. સર્વિસ સોસાયટી લી. ના ૨૦૧૩ના વર્ષ માટેનાં હોદ્દેદારોની સર્વાનુમતે વરણી થયેલ છે.

સુરેશભાઈ પટેલ - પ્રમુખ, અમૃતભાઈ પ્રજાપતિ - ઉપપ્રમુખ, અમૃતભાઈ પટેલ - મંત્રી, વજુભાઈ ગઢવી - સહમંત્રી, રૂપશીભાઈ કિહોરી - ખજાનચી, કાન્તીભાઈ પટેલ - આંતરિક ઓડિટર.

સુરેશભાઈ પટેલ પ્રમુખશ્રી રંગપાર્ક સોસાયટીએ જણાવેલ છે.

## પહેલી જાન્યુ.થી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી હાથ ધરાશે

### ટ્રાફિક અંગે જાગૃતિ જગાવવાના હેતુસર ટ્રાફિકને લગતા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવાનું મુખ્ય હેતુ : અધિકારી

અમદાવાદ, તા. ૨૮

રાજયના માર્ગ અને વાહનવ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદ ખાતે આગામી ૧ જાન્યુઆરીથી ૭ જાન્યુઆરી સુધી ૨૪મું માર્ગ સલામતી સપ્તાહ ઉજવાશે. આ માર્ગ સલામતી સપ્તાહ ટ્રાફિકની જાગૃતતાને લગતા કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. આ અંગે વધુ માહિતી આપતા જે. એમ. ભટ્ટે જણાવ્યું હતું કે, ૨૪મા માર્ગસલામતી સપ્તાહમાં ટ્રાફિકને લગતા વિવિધ કાર્યક્રમો જેવા કે હેલ્મેટ તથા સીટ બેલ્ટના ઉપયોગ સાથેની રેલી ફ્રી પીયુસી ચેકઅપ કેમ્પ, ડ્રાઈવિંગ ટ્રેનિંગ લર્નિંગ લાયસન્સ ટ્રેનિંગ મોક ટેસ્ટ કાર્યક્રમ, ફસ્ટ એઈડ ટ્રેનિંગ પ્રોગ્રામ, ટ્રાફિક એન્ડ રોડ સેફટી અંગે ડ્રોઈંગ કોમ્પીટીશન, ગુલાબના ફુલનું વિતરણ, રેડિયમ પટ્ટી રીફલેક્ટર ફાઈવ સ્ટાર સેફટી અવેરનેસ પ્રોગ્રામ, મેડીકલ ચેકઅપ કેમ્પ જેવા વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે. તેમજ તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ કાર્યક્રમોને સફળ બનાવવા અને લોકો સુધી પહોંચાડવા વાહન વ્યવહાર કમિશનર જે.પી. ગુપ્તા, સંયુક્ત ટ્રાફિક પોલીસ કમિશનર સંજય શ્રીવાસ્તવ, નિવૃત્ત સંયુક્ત વાહનવ્યવહાર નિયામક જે. એન. બારેવાડિયા, સંયુક્ત વાહન વ્યવહાર નિયામક કે.એમ. પટેલ જેવા મહાનુભાવો ઉપસ્થિત રહેશે. અહીં ઉલ્લેખનીય છે કે છેલ્લા ૨૩ વર્ષથી નવા વર્ષના પ્રારંભના પહેલા સપ્તાહની ઉજવણી માર્ગ સલામતી સપ્તાહ તરીકે કરવામાં આવે છે. તેથી લોકોમાં ટ્રાફિક અંગે વધુને વધુ જાગૃતતા ફેલાય.



**લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર એમ.પી. પટેલ ઈંગ્લીશ સ્કૂલનો એન.એસ.એસ. કેમ્પ**

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને એમ.બી. પટેલ ઈંગ્લીશ મીડિયમ સ્કલૂના સંયુક્ત ઉપક્રમે એન.એસ.એસ. કેમ્પ દરમિયાન કેન્સર ડિટેકશન કેમ્પનું આયોજન કરી ૫૦ થી વધુ મહિલાઓને વેવટેસ્ટ માટે નમુના લીધેલા હતા. જેમાં ત્રણ શંકાસ્પદ કેન્સરના કેસ મળ્યા હતા. એમ.બી.શાહ કેન્સર હોસ્પિટલના ડૉકટરોએ સેવાઓ આપી હતી. લાયોનેસ પ્રમુખ ઉષાબેન ગજ્જર, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર વર્ષાબેન પારેખ અને લાયોનેશ સભ્યો હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. પુર્ણાહૂતિમાં તમામનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુરુકુળ શિક્ષણ પરંપરામાં આધ્યાત્મના સંસ્કારમાં ભારતનું પ્લસવન છે : નરેન્દ્ર મોદી

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે અમદાવાદના છારોડી ખાતે યોજાઈ રહેલા સદગુરૂ વંદના મહોત્સવમાં ગુરૂકૂળ શિક્ષણ પરંપરાને પુનર્જીવિત કરવા ઉપરાંત આધ્યાત્મિક વિરાસતના સંસ્કારને વિશ્વમાં પ્લસવન ગણાવ્યા હતા. નિત્ય નૂતન શિક્ષણ પરંપરા સમયાનુકૂળ બનાવીને જ આપણો વિદ્યાર્થી વિશ્વમાં ગૌરવભેર આ વિરાસત આત્મવિશ્વાસ ધરાવતો થયો છે તેમ તેમણે જણાવ્યું હતું.

શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ વિદ્યાપ્રતિષ્ઠાનમ્ (૯૪૩૪) ના પરિસરમાં અક્ષરનિવાસી સંત શ્રી જોગીસ્વામીની ૧૦૮મી જન્મજયંતિના અવસરે આ સદ્ગરૂ વંદના મહોત્સવમાં દેશ-વિદેશના સ્વામીનારાયણ ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

સતત ચોથીવાર ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે લોકચાહના મેળવનારા શ્રી નરેન્દ્રભાઈ મોદીનું અભૂતપૂર્વ ઉષ્મા-ઉમંગથી સંતો અને ભકતજનોએ જાહેર અભિવાદન કર્યુ હતું.





સંતચરણોમાં આશિર્વાદ મેળવીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે ચૂંટણીના ઝંઝાવાતો પછી જીવનનું સૌભાગ્ય આ આધાત્મિક સંતશકિત વચ્ચે મળ્યું છે. ૨૦૦૧માં પહેલીવાર નર્મદાના વધામણાથી મુખ્યમંત્રી પદનો પ્રારંભ કરેલો તેની સ્મૃતિ સંભારીને મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે શ્રી જોગી સ્વામિના સદગુરૂ વંદના મહોત્સવથી ચોથી વાર મુખ્યમંત્રી બન્યા પછી જાહેર જીવનનો કાર્યક્રમ થયો છે જે યોગાનુયોગ નથી.

તેમણે જણાવ્યું કે ગુજરાતની છ કરોડ જનતા અધ્યાત્મના સંસ્કાર ધરાવે છે અને સંતોની શકિતની આધ્યાત્મિક વિરાસતનો આ ચૂંટણીમાં હેટ્રીક વિજય છે.

જોગી સ્વામિના અક્ષરવાસ પછી અંતિમ સમાધિ સુધી અક્ષરવાસી જોગી સ્વામિના પાર્થિવદેહની તેજોમય ર્જા એ મૃત્યુ પછીના પાર્થિવ શરીર આટલું તેજ હોય તે વિજ્ઞાનના માટે કોયડો છે એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

સમાજ સેવાના અદ્ભૂત વ્યવસ્થાપનની સંતોની પ્રસંશા કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે અધ્યાત્મમાં સેવા અંતર્મૂખ રહી છે બંને જુદા નથી. સંતોની સેવા પરમો ધર્મ છે. સ્વામિનારાયણ ભગવાનની સેવાભાવ એ પ્રમુખ છે અને તેની આસપાસ આધ્યાત્મનું પ્રગટીકરણ થયું છે.

ગુરૂકુળની પરંપરાને જોગી સ્વામીએ પૂર્નજિવિત તો કરી જ પણ સમયાનુકુળ નિત્યનૂતન જાળવી અને ગુરૂકૂળનો આત્મા એજ રાખીને વિજ્ઞાન અને ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને વિશ્વમાં ગુરૂકુળનો વિદ્યાર્થી સંસ્કાર સાથે પ્લસવનની આધ્યાત્મિક વિરાસતનો સાક્ષાત્કાર કરીને વિશ્વ સમક્ષ ગૌરવથી ઉભો રહે તેવો સામર્થ્યવાન બનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ સંતો-ઋષિઓએ જે આશા-અપેક્ષા તેમની પાસે રાખી છે તે પૂર્ણ કરવાના આશીર્વાદ મળતા રહેશે એવી પ્રાર્થના કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વિશ્વભરમાંથી આવેલા ભકતજનોને મહાત્મા મંદિર પરિસરમાં વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ઉપસ્થિત રહેવાનું હાર્દિક નિમંત્રણ આપ્યું હતું અને કચ્છના સફેદ રણોત્સવનું વૈશ્વિક આકર્ષણ નિહાળવા ઈજન આપ્યું હતું. હિમાલયના ઉત્તુંગ શિખરો જેવી જ આ સફેદ રણમાં આધ્યાત્મ અનુભૂતિ થશે એમ તેમને જણાવ્યું હતું. ગુજરાતનો વિકાસ અને ગરીબના ઘરમાં વિકાસનો દીવો પ્રગટે એ જ મારી અધ્યાત્માની આરાધના છે એમ માન-સન્માનનું ગૌરવ કરનારા સંતોનો ઋણ-સ્વીકાર કરતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૪

સૂર્યાસ્ત : ૫.૫૪

## તાપમાન

મહત્તમ : ૨૮.૫ ડિ.સે.

લઘુત્તમ : ૯.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૫ ટકા ● સાંજે ૨૮ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨ : ૧૦.૧૫ (રાત્રે)

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૯.૪૫

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૩૦, ૨.૩૦, ૫.૩૦, ૮.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
જૅક રીચર ૨ડી(અંગ્રેજી) :૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૫.૦૦, ૧૦.૦૦
લાઈફ ઑફ પાય ૩ડી(હિન્દી) : ૭.૩૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫

: સ્ક્રીન-૩ :
દબંગ-૨ : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦

: સ્ક્રીન-૪ :
દબંગ-૨ : ૧૧.૧૫, ૨.૦૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

દબંગ-૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
હું દિવાના તારા પ્રેમનો : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
દબંગ-૨: ૧૦.૪૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :
દબંગ-૨ : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૧૫, ૯.૧૫

### ચિરાગ, કલોલ

દબંગ-૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સામાજિક

- સેકટર-૨૩માં આવેલ સ્વામીનારાયણ મંદિર ખાતે પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી સત્સંગ આરાધના પર્વ પ્રસંગે નેત્ર ચિકિત્સા યજ્ઞનું આયોજન મંદિરના પટાંગણમાં બપોરે ૨.૩૦ કલાકે યોજાશે.

## આપની આજ

**મેષ** : યાત્રા અને મનોવિનોદમાં સમય પસાર થશે. સહયોગ અને સારા સંબંધોને કારણએ લાભને ઉન્નતિનો માર્ગ મોકળો થશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**વૃષભ** : સંગીત ક્ષેત્રમાં રૂચિ વધશે. વેપાર સારો ચાલશે. દોડધામ લાભદાયી તથા સાર્થક સિદ્ધ થઈ શકે છે. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ મેળવવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : પ્રયત્નોનું ફળ પ્રાપ્ત થશે. વ્યવસાયિક યાત્રા લાભપ્રદ રહેશે. અપરણિતો માટે લગ્નનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહેશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ધર્મ આધ્યાત્મ સંબંધી વિશિષ્ટ સંશોધન કાર્ય પૂર્ણ થશે. યાત્રાનો વિશેષ યોગ. સગા-સંબંધીઓથી મુલાકાત થઈ શકશે.

**વૃશ્ચિક** : ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. મહત્વપૂર્ણ કાર્યોને પૂર્ણ કરશો. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : સુખ-સુવિધા, પદ-પ્રતિષ્ઠા સંબંધી વિશેષ યોગ. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**મકર** : મનોકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન- સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

**કુંભ** : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

**મીન** : મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. કુટુંબનું વાતારવણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટશે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. બાજીબેન શંભુજી ઠાકોર (ઉ.વ. ૮૦) મુ.પો. મોટી શિહોલી, તા.,જિ. ગાંધીનગર.